NAYARA
ENERGY

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: SANDESH (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 03-05-2018**
**PAGE NO. 04**
**TOTAL SQ. CM. 154**
**TITLE:** ***Essar Oil Limited joins hands with the Indian Navy for the Outreach Program***

---

# એસ્સાર મુંબઈમાં ભારતીય નૌસેના સાથે આઉટરીચ કાર્યક્રમમાં સહભાગીદાર બનશે

**■ મુંબઈથી લેહ જઈ રહેલી કાર રેલીને નૌસેના તથા એસ્સારના અધિકારીઓ પ્રસ્થાન કરાવશે**

જામનગરતા.૨

એસ્સાર ઓઈલ લિ. (પ્રસ્તાવિત નામ નાયરા એનર્જી લિમિટેડ), મુંબઈના નેવલ ડોક્યાર્ડમાં આગામી તા.૩ મે ૨૦૧૮ના ભારતીય નૌસેના દ્વારા યોજાનારા આઉટરીચ કાર્યક્રમમાં સહભાગીદાર બનશે. ભારતીય નૌસેના અંગે સ્કુલ અને કોલેજના વિદ્યાર્થીઓ-યુવાનોમાં જાગૃતિ આવે, તેઓને સેનામાં જોડાવા પ્રોત્સાહિત કરી શકાય એવા ઉદેશ્ય સાથે મુંબઈથી લેહ સુધી યોજાનારી કાર રેલીને નૌસેના અને એસ્સાર ઓઈલ લિ.(નાયરા એનર્જી લિમિટેડ)ના ઉચ્ચ અધિકારીગણ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

૩૨ દિવસના આ પ્રવાસમાં નૌસેનામાંથી ૧૨૦ જવાન જોડાશે અને મુંબઈથી દિલ્હી અને ત્યાંથી લેહ સુધીનું આશરે ૭૦૦૦ કિલોમીટરનું અંતર કાપી પરત આવશે. આ પ્રવાસ દરમ્યાન માર્ગમાં આવતા મુખ્ય શહેરોને આવરી લેવાશે. જેમાં મુંબઈ, વડોદરા, ઉદયપુર, જયપુર, નવી દિલ્હી, ચંદીગઢ, પાલ્યન, પાત્સીઓ, કારૂ, પાંગોગ ત્સો, તંગસ્તે, લેહ, સ્પિતિ ખીણ, કાલ્પા, શિમલા, આગ્રા શિવપુરી, મ્હોવ અને નાસિકનો સમાવેશ થાય છે.

પ્રવાસ દરમ્યાન નૌસેનાના જવાનો આ શહેરોમાં ભારતીય નૌસેના અંગે સ્કુલ-કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂં પાડશે.

નૌસેનામાં કેરિયર બનાવવા ઈચ્છુક યુવાનો માટે ઓડિયો-વિજયુલ ફિલ્મસ પ્રદર્શિત કરી જાણકારી અપાશે. પબ્લિક પ્લેટફોર્મ પર જવાનો લોકો સાથે સંવાદ કરી તેઓને નૌસેનામાં કઈ રીતે જોડાય શકાય અને એ અંગે કઈ પ્રકારે કાર્યવાહી થાય છે. તેની માહિતી આપતા પેમ્પલેટસ અને બ્રાઉસરનું વિતરણ કરાશે. આ ઉપરાંત જવાનો જે તે શહેરના સ્થાનિક લોકો, ભુતકાળમાં યુધ્ધમાં સામેલ થયેલા બહાદુર સૈનિકો, નૌસેનાના શહીદ થયેલા જવાનોના પરિવારજનોને પણ મળશે.